TOI–Αημεδαβαδ 14.05.2016

# GJEPC urges young designers to instil faith in consumers

Melvyn.ReggieThomas
@timesgroup.com

**Surat:** The Gems and Jewellery Export Promotion Council (GJEPC) has exhorted the young generation into jewellery design and gemology to protect the future of the Indian gems and jewellery industry by instilling faith in the minds of the diamond jewellery consumers that they are buying natural diamonds and not synthetic ones.

The appeal was made at the 38th foundation day-cum-convocation ceremony of the Indian Diamond Institute (IDI) on Friday. Around 190 students of jewellery designing and gemology were given certificates and awards at the function.

Regional chairman of GJEPC, Dinesh Navadiya said, "It is utmost important for the young passouts to uphold the image of the gems and jewellery sector among the consumers. The issue of illegal mixing of synthetic with natural diamonds has shaken the consumer confidence in last three years. We are not against synthetic diamonds, but against those who are selling the diamonds undisclosed. It is the duty of the new entrants in the industry to spread awareness among consumers."

Navadiya informed that the payments for the polished diamonds are stalled in the trade if the diamond traders find even 10 synthetic diamonds in the parcel of 100 diamonds.

Sameer Joshi, executive director of IDI, said, "As an R&D and education institute, IDI is making all efforts to spread awareness on synthetic diamonds. We have set up a diamond detection and research centre (DDRC) to help the diamond trade detect the synthetic stones."

Managing director of Shree Ramkrishna Export (SRK), Jayanti Narola said, "We want skilled and talented young people to run the gems and jewellery industry. At this juncture, we need to boost the consumer confidence in diamonds. The future of diamonds is always bright, till this earth has the presence of women and girls."

*Gujarat Guardian, Surat 14.05.2016*

# ઈન્ડિયન ડાયમંડ ઈન્સ.નો ૩૮મો પદવીદાન સમારોહ ૧૯૦ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી

## હીરાબજારમાં સિન્થેટિક ડાયમંડને કારણે ઊભા થયેલા અવિશ્વાસના માહોલને કાબૂમાં લઈ ફરી સૌહાર્દપૂર્ણ વાતાવરણ ઊભું કરાયાનો દિનેશ નાવડિયાનો દાવો

**સુરત, તા.૧૩**

ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટ્યુટનો ૩૮મો કોન્વોકેશન-કમ-ડીપ્લોમા એવોર્ડ ફંક્શન સિટી સેન્ટર ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટીટ્યુટના ઓડીટોરીયમ વેસુ ખાતે સંપન્ન થયો હતો.

સમારંભની શરૂઆતમાં સંસ્થાના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર સમીર જોષીએ જણાવ્યું હતં કે વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન સંસ્થામાંથી કુલ્લે ૧૯૦ વિદ્યાર્થીઓ લાંબા ગાળાના તેમજ ટૂંકા ગાળાના વિવિધ અભ્યાસક્રમોમાંથી ઉત્તીર્ણ થયા હતા અને ૦૬ વિદ્યાર્થીઓને સ્પેશિયલ કેટેગરી એવોર્ડ અંતર્ગત ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે.

ડો. ચંદન ચેટરજીએ સફળ થયેલ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે સંસ્થા વર્ષોથી ખૂબ જ સરસ કાર્ય કરી ટ્રેડની સ્કીલ્ડ મેનપવારની જરૂરિયાત પૂરી પાડી રહી છે. ટ્રાન્સફોરમેશન માટે ભારત પાસે પર્યાપ્ત યુવા વર્ગ પુરતી માત્રામાં છે, પરંતુ એનો યોગ્ય જગ્યાએ ઉપયોગ થવો જોઈએ. ચાઈના, રશીયા, જર્મની વિગેરે દેશોમાં ખૂબ જ શોર્ટેજ છે. તેઓએ જણાવ્યું હતું કે જેમ એન્ડ જ્વેલરી સેકટરમાં ૧૫ ટકા ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોસ્ટની મદદ આપવા માટે પણ સરકાર તૈયાર છે અને જો સીસ્ટમેટીક પ્રપોઝલ હોય તો ૮૦ ટકા સુધીની સહાય પણ મળી શકે છે.

જી.જે.ઈ.પી.સી.ના રીજીયોનલ ચેરમેન દિનેશ નાવાડીયાએ જણાવ્યુ ંહતું કે આ ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ જ્યારે સ્થપાઈ છે ત્યારથી વિશ્વાસ ઉપર જ ટકી છે. સંજોગોવસાત ૨ થી ૩ વર્ષથી ટ્રેડમાં સિન્થેટીક ડાયમંડને લઈને અવિશ્વાસનું વાતાવરણ ઊભું થયું હતું તેને લઈને ટ્રેડમાં ઉહાપોહ મચ્યો હતો જેને કંટ્રોલ કરી ફરીથી વિશ્વાસનું વાતાવરણ ઊભુ કરવામાં અમો સફળ થયા છે.

સમારંભના મુખ્ય અતિથી શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ્સ પ્રા. લિ.ના મેનેજિંગ ડાયરેકટર જયંતીભાઈ નારોલાએ જણાવ્યુ ંહતું કે આઈ.ડી. આઈ. ભારતમાં એકમાત્ર સંસ્થા છે જ્યાં ડાયમંડ તેમજ જ્વેલરી લગતા કોર્ષ એકી સાથે શીખવવામાં આવે છે. તેમણે જણાવ્યુ ંહતું કે આ ઈન્ડસ્ટ્રીઝમાં મોટા ઈન્વેસ્ટમેન્ટની જરૂર નથી પરંતુ ફક્ત જગ્યા અને એ ટેકનોલોજીમાં ઈન્વેસ્ટમેન્ટની જરૂર પડે છે.

Surat 14.05.2016+

ધબકાર




આઈડીઆઈનો પદવીદાન સમારોહ યોજાયો હતો. જેમાં ડાયમંડ અને જ્વેલરી ક્ષેત્રે ૧૩ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અપાયા હતા. (તસવીર : ડિમ્પલ બંગડીવાલા)

# આઈડીઆઈનો પદવીદાન સમારોહ યોજાયો : ડાયમંડ-જ્વેલરી ક્ષેત્રે ૧૩ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અપાયા

## સમારોહમાં જયંતી નારોલા, દિનેશ નાવડિયા, ચંદન ચેટરજી, પી.કે.મકવાણા, ડી.આર.પરમાર સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા

સુરત,તા.૧૩

ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટીટ્યુટનો ૩૮માં પદવીદાન સમારોહ તથા સ્થાપના દિવસ ઈન્સ્ટીટ્યુટનાં ઓડીટોરીયમ ખાતે સંપન્ન થયો હતો. આ સમારોહમાં સંસ્થાના તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. જે પ્રસંગે શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિગતો મુજબ સમારંભની શરૂઆતમાં સંસ્થાના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર સમીર જોષીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન સંસ્થામાંથી કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ લાંબા ગાળાના તેમજ ટૂંકા ગાળાના વિવિધ અભ્યાસક્રમોમાંથી ઉત્તીર્ણ થયા હતા અને ૯ વિદ્યાર્થીઓને સ્પેશિયલ કેટેગરી એવોર્ડ અંતર્ગત ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે.

ડો. ચંદન ચેટરજીએ સફળ થયેલ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે સંસ્થા વર્ષોથી ખુબજ સરસ કાર્ય કરી ટ્રેડની સ્કીલ મેનપાવરની જરૂરીયાત પુરી પાડી રહી છે. ટ્રાન્સફોરમેશન માટે ભારત પાસે પર્યાપ્ત યુવા વર્ગ પુરતી માત્રમાં છે પરંતુ તેનો યોગ્ય જગ્યાએ ઉપયોગ થવો જોઈએ. ચાઈના, રશીયા, જર્મની વગેરે દેશોમાં ખુબજ શોર્ટેજ છે. તેઓએ જણાવ્યું હતું કે જેમ એન્ડ જ્વેલરી સેક્ટરમાં ૧૫ ટકા ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોસ્ટની મદદ આપવા માટે પણ સરકાર તૈયાર છે અને જો સીસ્ટેમેટીક પ્રપોઝલ હોય તો ૮૦ ટકા સુધીની સહાયપણ મળી શકે છે.

ડે.ઈન્ડસ્ટ્રીઝ કમિશનર ડી.આર. પરમારએ સરકારની વિવિધ યોજનાઓ વિશેની માહિતી આપી હતી. ખાસ કરીને સ્કીમ અંતર્ગત સરકાર તરફથી ખુબ જ સારી સબસીડી આપવામાં આવતી હોવાનું જણાવ્યું હતું.

જીજેઈપીસીના રીજીયોનલ ચેરમેન દિનેશભાઈ નાવડિયાએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આ ડાયમંડ રફી ૩ વર્ષથી ટ્રેડમાં સિન્થેટીક ડાયમંડને લઈ અવિશ્વાસનું વાતાવરણ ઊભુ થયું હતું. તેને લઈને ટ્રેડમાં ઉથલપાથલ મચ્યો હતો. જેને કંટ્રોલ કરી ફરીથી વિશ્વાસનું વાતાવરણ ઊભુ કરવામાં સફળ થયા છે.

સમારંભના મુખ્ય અતિથી જયંતીભાઈ નારોલા, મેનેજીંગ ડાયરેક્ટર, રામકૃષ્ણ એક્સપોર્ટસ પ્રા.લી., એ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે આઈ.ડી.આઈ. ભારતભરમાં એકમાત્ર સંસ્થા છે. જ્યાં ડાયમંડ તેમજ જ્વેલરીની લગતા કોર્ષ એકી સાથે શીખવવામાં આવે છે. રફ બાબતે તેમણે જણાવ્યું હતું કે રફની દરેક કંપનીના ભાવ મોટા ભાગે એક સરખાજ જોવા મળે છે. જેથી વધુ ફેરફારની શક્યતા જોવા મળતી નથી. તેમણે જણાવ્યું હતું કે આ ઈન્ડસ્ટ્રીઝમાં મોટા ઈન્વેસ્ટમેન્ટની જરૂર નથી પરંતુ ફક્ત જગ્યા અને ટેક્નોલોજીમાં ઈન્વેસ્ટમેન્ટની જરૂર પડે છે.

સમારોહમાં રેસીડન્સી એડીશનલ કલેક્ટર પી.કે.મકવાણા, સીઈડી ગાંધીનગરના ડો. ચંદન ચેટરજી સહિત હીરા ઉદ્યોગના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

Divyabhaskar, Surat 14.05.2016

city ANCHOR

આઇડીઆઇમાં 38મા કોન્વોકેશન યોજાયું, જેમાં 190 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી

# સ્ત્રીઓ છે ત્યાં સુધી ડાયમંડનો વેપાર બંધ નહીં થાય : જયંતિ નરોલા

**આઇ.ડી.આઇના યોજાયેલા 38માં પદવીદાન સમારંભમાં 190 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવાની સાથે જોબફેરનું પણ આયોજન કરાયું હતું.**

'જ્યાં સુધી સ્ત્રીઓ છે, ત્યાં સુધી ડાયમંડ ઇન્ડસ્ટ્રી જીવવાની જ છે..!' ઇન્ડિયન ડાયમંડ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયાનાં 38મા કોન્વોકેશનમાં જયંતિ નરોલાએ આ વાત કહી ત્યારે સ્ટુડન્ટ્સે તાળીઓથી હોલ ગજાવી મૂક્યો હતો. આ કોન્વોકેશનમાં 190 વિદ્યાર્થીઓને એવોર્ડ અને સર્ટીફીકેટ એનાયત કરાયા હતા. તેમજ 6 વિદ્યાર્થીઓને સ્પેશિયલ કેટેગરીમાં એવોર્ડ તેમજ ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતા. આ સાથે આ ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે સંસ્થા દ્વારા જોબ ફેરનું આયોજન કરાયું હતું. જેમાં જોડાનારી 7 જ્વેલરી અને ડાયમંડ મેન્યુફેક્ચરીંગ કંપની દ્વારા 30 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.



(જયંતિ નરોલા શ્રીરામકૃષ્ણા એક્સપોર્ટનાં મેનેજીંગ ડિરેક્ટર છે.)

1st person

## ડાયમંડનો વેપાર કરો તો પહેલાં એનાં મેન્યુફેક્ચરીંગ પર ધ્યાન આપજો

ડાયમંડ ઇન્ડસ્ટ્રી ચાર ભાગમાં વહેંચાયેલી છે. મેન્યુફેક્ચરીંગ, પોલિશ્ડ સેલ, રફ પ્રોક્યુમેન્ટ અને ફાઇનાન્સ. આ ચારેય ભાગમાં મેન્યુફેક્ચરીંગ એ સૌથી અગત્યનો ભાગ છે. તમે લખી રાખજો, જ્યાં સુધી સ્ત્રીઓ છે ત્યાં સુધી ડાયમંડનો વેપાર બંધ થવાનો નથી. મેન્યુફેક્ચરીંગ ચાલુ જ રહેવાનનું છે અને એટલે જે વિદ્યાર્થીઓ પોતાનો બિઝનેસ શરૂ કરવા ઇચ્છતા હોય એમનાં માટે આ ઇન્ડસ્ટ્રીમાં ઘણી તકો છે. મેન્યુફેક્ચરીંગ દ્વારા સૌથી વધારે યિલ્ડ મેળવી શકાય છે અને મેન્યુફેક્ચરીંગમાં યિલ્ડ સૌથી અગત્યનું પાસું પણ ગણાય છે. તમે તમારો બિઝનેસ શરૂ કરો, અથવા તો તમે ડાયમંડ ઇન્ડસ્ટ્રીનાં કોઇપણ પાસા સાથે સંકળાવ-મેન્યુફેક્ચરીંગ પર વિશેષ ધ્યાન આપજો.

## ડિગ્રીની સાથે નોકરી પણ મળી, જોબફેરમાં 30 વિદ્યાર્થીઓ સિલેક્ટ થયા



છ વિદ્યાર્થીઓને સ્પેશિયલ કેટેગરીમાં એવોર્ડ અને ગોલ્ડ મેડલ એનાયત કરાયા





***Sandesh, Surat Edition 14.05.2016***

# નેચરલના પડિકામાંથી એકાદ સિન્થેટિક ડાયમંડ નીકળે તો પણ પેમેન્ટ અટકાવાય છે

## સિન્થેટિક અને નેચરલના કારણે ગ્રાહકે ઉદ્યોગ પરનો વિશ્વાસ ગુમાવ્યો : જાગૃતતાથી દૂષણ પર ઘણે અંશે અંકુશ આવ્યો : આઇડીઆઇ ખાતે જેમ- જ્વેલરીના વિદ્યાર્થીઓનો કોન્વોકેશન યોજાયો

સુરત, તા. ૧૩

હીરાઉદ્યોગમાં સિન્થેટિક ડાયમંડના મુદ્દે ઉદ્યોગકારોમાં જાગૃતતા આવી છે અને તેના કારણે કોઈ સંજોગોમાં નેચરલના પેકેટમાંથી એક પણ સિન્થેટિક ડાયમંડ નીકળે તો સમગ્ર પેકેટનું પેમેન્ટ રોકી દેવાય છે. એમ સુરત ડાયમંડ એસોસિયેશનના પ્રમુખ દિનેશ નાવડીયાએ આઈડીઆઈના કોન્વોકેશન પ્રસંગે જણાવ્યું હતું. આઈડીઆઈના સિટી સેન્ટર ખાતે યોજાયેલા કોન્વોકેશન પ્રોગ્રામમાં જીજેઈપીસીના રિજિયન ચેરમેન અને સુરત ડાયમંડ એસોસિયેશનના પ્રમુખ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, હીરાઉદ્યોગ વિશ્વાસના ધોરણે વિકાસ પામ્યો છે. પરંતુ, છેલ્લા બે -ત્રણ વર્ષમાં અવિશ્વાસના માહોલથી ગ્રાહકો પર નેગેટિવ ઈમ્પેક્ટ પડી રહી છે. સિન્થેટિક અને નેચરલના કારણે ગ્રાહકે ઉદ્યોગ પરનો વિશ્વાસ ગુમાવ્યો છે. જો કે, ઉદ્યોગકારો અને ઉદ્યોગ સંગઠનોએ લીધેલા પગલાંને કારણે ઘણે અંશે અંકુશ આવી શક્યો છે. વેપારીઓ તથા ઉદ્યોગકારો એલર્ટ અને જાગૃત થયા છે. નેચરલ ડાયમંડના પેકેટમાંથી એકાદ સિન્થેટિક નીકળે તો પણ પેકટનું પેમેન્ટ અટકાવી દે છે. આ પ્રકારની સખ્તાઈના કારણે ખોટું કરનારા અટકે છે. હીરાઉદ્યોગ સાથે સંકળાયેલાઓ અને આવનારી પેઢીને ગ્રાહકોનો ફરી વિશ્વાસ સંપાદિત થાય અને તેને જાળવી રખાય તે પ્રમાણેના પગલાં લેવાની શીખ આપી હતી.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા હીરાઉદ્યોગકાર જયંતીભાઈ નારોલાએ ડાયમંડ મેન્યુફેક્ચરિંગ, રફ ડાયમંડ પ્રોક્યોરમેન્ટ તથા નફાકારકતા સહિતની બાબતો સમજાવી હતી. રાજ્ય સરકારના અધિકારીઓ ચંદન ચેટરજી અને ડી.આર. પરમારે સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. ઉપરાંત ભારતનો ગ્રોથરેટ ઊંચો રહ્યો છે ત્યારે સ્કિલ્ડ મેનપાવર માટે વિપુલ તક રહેલી હોવાનું જણાવ્યું હતું. આઈડીઆઈના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સમીર જોષીએ જણાવ્યું હતું કે, વર્ષ દરમિયાન જેમ -જ્વેલરીના વિવિધ અભ્યાસક્રમોમાંથી કુલ ૧૯૦ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક પાસઆઉટ કર્યું છે. જેમાથી ૯ વિદ્યાર્થીઓને સ્પેશિયલ કેટેગરી એવોર્ડ એનાયત કરાયા છે.

# आईडीआई के सात विद्यार्थी गोल्ड मैडल से सम्मानित




गोल्ड मैडल तथा सम्मान पत्र के साथ विद्यार्थी। -पत्रिका

**सूरत @ पत्रिका.** आईडीआई के 34वें पदवी दान समारोह में शुक्रवार को विभिन्न श्रेणियों में सर्वश्रेष्ठ प्रदर्शन करने वाले विद्यार्थियों को गोल्ड मैडल से सम्मानित किया गया।

वेसू के आईडीआई भवन में पदवी दान समारोह में जेमोलोजी प्रोफेशनल श्रेणी में किशन अदेश्रा, प्रोफेशनल डायमंड ग्रेडर में प्रशांत राखोलिया, प्रोफेशनल डायमंड मेन्युफेक्चरिंग में विशाल माधावी, ज्वैलरी डिजाइन प्रोफेशनल में फातेमा शब्बीर, ज्वैलरी मेन्युफेक्चरिंग प्रोफेशनल में अजय कुमार परमार, ग्रेज्युएट ज्वैलरी प्रोफेशनल में जानकी देसाई और डिप्लोमा इन ज्वैलरी डिजाइन एंड मेन्युफेक्चरिंग में श्रुति जोगाणी को गोल्ड मैडल से सम्मानित किया गया। इसके अलावा कई अन्य श्रेणियों में कंपनी की ओर से प्रायोजित मैडल दिए गए। बेस्ट डिजाइनर मेल में अमर पंचाल, बेस्ट ज्वैलरी फीमेल में अवनी प्रजापति, बेस्ट स्टूडेन्ट मेल में यश श्रॉफ, बेस्ट स्टूडन्ट फीमेल में त्रिवेदी शिवानी, बेस्ट क्राफ्टमैनशिप स्किल मेल में दिव्यरत्न अग्रवाल तथा फीमेल में प्रियंका अंतालिया को सम्मानित किया गया। उत्तीर्ण होने वाले सभी विद्यार्थियों को आईडीआई के एक्जिक्युटिव डायरेक्टर समीर जोशी ने शुभकामनाएं दीं।



कार्यक्रम में उपस्थित लोग।

## हीरा उद्योग का विश्वास बनाए रखेंः नावड़िया

**समारोह** में विद्यार्थियों को संबोधित करते हुए सूरत डायमंड एसोसिएशन के प्रमुख दिनेश नावड़िया ने कहा कि हीरा उद्योग का विकास विश्वास के सहारे हुआ है। अब इस उद्योग की डोर नई पीढ़ी के हाथ में है। वह इस भरोसे को बनाए रखें। सिन्थेटिक हीरों के कारण विश्वास का माहौल कुछ डगमगाया था, लेकिन हीरा उद्यमियों के प्रयासों से उद्योग स्थिर है। जो लोग गलत ढंग से सिन्थेटिक हीरों का व्यापार कर रहे हैं, उनका पैमेन्ट रोका जा रहा है। नावड़िया ने कहा कि खजोद में 54 लाख स्क्वायर मीटर में तैयार हो रहे सूरत डायमंड बूर्स में विद्यार्थियों को अच्छा अवसर मिलेगा। सेन्टर फोर एन्टरप्रिन्योर डेवलपमेन्ट के डॉ. चंदन चटर्जी ने कहा कि जिस तरह भारत में नए उद्यमियों को बढ़ावा दिया जा रहा है, उससे नए लोगों को लाभ मिलेगा। विद्यार्थियों को भी इसका लाभ लेना चाहिए। राज्य और केन्द्र सरकार स्किल डेवलपमेन्ट को प्रधानता दे रही हैं। स्किल डेवलपमेन्ट से सूरत के हीरा उद्योग का और विकास होगा।

लोकतेज 14.05.2016 सिटी

# इंडियन डायमंड इन्स्टीच्यूट का 38वां पदवीदान समारोह और स्थापना दिवस समारोह सम्पन्न




सूरत। इंडियन डायमंड इन्सटीच्युट का 38वां कॉन्वोकेशन-कम- डिप्लोमा अवॉर्ड फंक्शन शुक्रवार 13 मई 2016 को सिटी सेन्टर- इंडियन डायमंड इन्सटीच्युट के ऑडिटोरियम वेसु में संपन्न हुआ।

समारोह में जयंतिभाई वी. नारोली, मैनेजिंग डायरेक्र, रामकृष्ण एक्सपोर्ट्स प्रा. लि. सूरत मुख्य अतिथि के तौर पर उपस्थित रहे। डॉ. चंदन चैटरजी, डायरेक्टर, सी.ई.डी., गांधीनगर, पी.के. मकवाणा, रेसिडेन्ट एडिशनल कलेक्टर, जिला उद्योग केन्द्र, सूरत, डी. आर. परमार, डिप्टी इण्डस्ट्रीज कमिश्नर, गांधीनगर, दिनेशभाई नावडिया, रीजनल चेयरमैन चेयरमैन, जी.जे.ई.पी.सी. और प्रमुख एस.डी. ए, मंच पर विराजमान थे। इसके अलावा ट्रेड के अग्रगण्य उद्योगपतियों की समारोह में उपस्थिति रहीं।

समारोह की शुरुआत में संस्था के एक्जिक्युटिव डायरेक्टर समीर जोषी ने कहा कि वर्ष 2015-16 दौरान संस्था में से कुल 190 विद्यार्थी लंबे अवधि तथा अल्प अवधि के विविध अभ्यासक्रमों में से उत्तीर्ण हुए थे और 6 विद्यार्थियों को स्पेश्यल कैटेगरी अवॉर्ड अंतर्गत गोल्ड मेडल प्रदान किया जायेगा। उन्होंने इस शुभ अवसर पर संस्था के चेयरमैन मनोज द्विवेदी, आई. ए. एस., जॉइन्ट सेक्रेटरी, वाणिज्य मंत्रालय, भारत सरकार का विद्यार्थियों को लक्ष्य में लेकर भेजा गया संदेश दिया।

समीर जोशी द्वारा संस्था की जीजेईपीसी के सहयोग से आयोजित वर्तमान तथा पिछले वर्ष की कार्यसूची के बारे में जानकारी दी। जिसमें मुख्य रूप से गुजरात राज्य के विविध शहरों में रिस्किलिंग प्रोग्राम कि जिसके अंतर्गत आई.डी.आई द्वारा अंदाजन 300 ट्रेड के साथ जुड़े व्यक्तियों को प्रशिक्षण दिया गया। उन्होंने इस अवसर पर ट्रेड के व्यापारी भाइयों तथ सफलतापूर्क उत्तीर्ण हुए विद्यार्थियों को आई.डी.आई में कार्यरत डायमंड डिटेक्शन एंड रिसर्च सेन्टर (डीडीआरसी) की लैब के बारे में जानकारी दी और इस सेवा का लाभ लेने का अनुरोध किया। गुजरात के विसनगर, अमरेली, पालनपुर और अहमदाबाद जैसे शहरों में जीजेईपीसी के कॉमन फैसिलिटी सेन्टर प्रोजेक्ट का अमलीकरण एजेन्सी के तौर पर आई.डी.आई की नियुक्ति की जानकारी दी।

Gujarat Samachar, Surat

શનિવાર, તા. ૧૪ મે, ૨૦૧૬

# ડાયમંડ મેન્યુફેકચરીંગમાં યીલ્ડ સૌથી મહત્વનુ પાસુ છે

(પ્રતિનિધિ દ્વારા) સુરત, શુક્રવાર

ડાયમંડ ઉદ્યોગ ચાર ભાગોમાં વહેંચાયેલો છે. મેન્યુફેકચરીંગ પોલીશ્ડ સેલ્સ, રફ પ્રોક્યુરમેન્ટ અને ફાયનાન્સ. સૌથી મહત્વનુ પાસું મેન્યુફેકચરીંગનુ છે. તેના દ્વારા સૌથી વધુ યીલ્ડ મેળવી શકાય છે એમ જંયતિ નારોલાએ જણાવ્યુ હતુ.

ઈન્ડીયન ડાયમંડ ઈન્સ્ટીટ્યુટના ૩૮ મા કોન્વોકેશન કમ એવોર્ડ ફંકશન સમારંભમાં વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે જણાવ્યુ કે ગ્રે મેન્યુફેકચરીંગમાં સૌથી વધુ યીલ્ડ મેળવવામાં

## ઈન્ડીયન ડાયમંડ ઈન્સ્ટીટ્યુટના ૩૮મા કોન્વોકેશનમાં વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ સર્ટિફિકેટ એનાયત કરાયા

આવી હતીં તેનો ફાયદો મળે છે. જ્યારે રફ પ્રોક્યુરમેન્ટ મુદે તેમણે જણાવ્યુ હતુ કે, રફની દરેક કંપનીના ભાવ મોટાભાગે એક સરખા જ જોવા મળે છે. જેથી વધુ ફેરફારની શક્યતા જોવા મળતી નથી.

જીજેઈપીસીના રિજીયોનલ ચેરમેન દિનેશ નાવડીયાએ જણાવ્યુ હતુ કે, સુરતમાં ડાયમંડબુર્શનું નિર્માણ થવાનું છે ત્યારે આજની આ યંગ જનરેશનને અહીંથી ડિગ્રી લઈને રોજગાર તથા ધંધાકીય રીતે મદદરૂપ બનશે.

વેસુ સ્થિત આઇડીઆઇના સિટી સેન્ટરમાં યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ અભ્યાસક્રમમા ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. સંસ્થાના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર સમીર જોશીએ સેન્ટરની વિવિધ પ્રવૃતિઓ વિશે જાણકારી આપી હતી.

# 'ભારત પાસે પૂરતો યુવાવર્ગ પણ યોગ્ય જગ્યાએ ઉપયોગનો અભાવ'




## સિન્થેટિક ડાયમંડના કિસ્સાઓને કારણે હીરા ઉદ્યોગમાં અવિશ્વાસનો માહોલ : દિનેશ નાવડીયા

સુરત, શુક્રવારઃ ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટીટ્યુટનો ૩૮મો કોન્વોકેશન-કમ-ડીપ્લોમા એવોર્ડ ફંકશન શુક્રવાર તા. ૧૩-૫-૧૫નાં રોજ સિટી સેન્ટર ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટીટ્યુટના ઓડીટોરીયમ વેસુ ખાતે સંપન્ન થયો હતો.

સમારંભની શરૂઆતમાં સંસ્થાના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર સમીર જોષી જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન સંસ્થામાંથી કુલ ૧૯૦ વિદ્યાર્થીઓ લાંબા ગાળાના તેમજ ટુંકા ગાળાના વિવિધ અભ્યાસક્રમોમાંથી ઉત્તીર્ણ થયા હતા. અને ૦૬ વિદ્યાર્થીઓને સ્પેશિયલ કેટેગરી એવોર્ડ અંર્તગત ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે.

ડૉ. ચંદન ચેટરજીએ સફળ થયેલા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે સંસ્થા વર્ષોથી ખુબજ સરસ કાર્ય કરી ટ્રેડની સ્કીલ્ડ મેનપાવરની જરૂરીઆત પૂરી પાડી રહી છે. transformation માટે ભારત પાસે પર્યાપ્ત યુવા વર્ગ પૂરતી માત્રામાં છે પરંતુ એનો યોગ્ય જગ્યાએ ઉપયોગ થવો જોઈએ. ચાઈના, રશીયા, જર્મની વિગેરે દેશોમાં ખુબજ શોર્ટેજ છે.

જી.જે.ઈ.પી.સી.ના રીજીયોનલ ચેરમેન દિનેશભાઈ નાવાડીયાએ તેમના વક્તવ્ય જણાવ્યું હતું કે આ ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ જ્યારે સ્થપાઈ છે ત્યારથી વિશ્વાસ ઉપર જ ટકી છે. સંજોગોવસાત ૨ થી ૩ વર્ષથી ટ્રેડમાં સિન્થેટીક ડાયમંડને લઈને અવિશ્વાસનું વાતાવરણ ઉભુ થયુ હતું. તેને લઈને ટ્રેડમાં ઉહાપોહ મચ્યો હતો. જેને કંટ્રોલ કરી ફરીથી વિશ્વાસનું વાતાવરણ ઉભુ કરવામાં અમો સફળ થયા છે અને આ સફળતા માટે આઈડીઆઈ-ડીડીઆરસીનો પણ ખૂબજ મહત્વ ફાળો રહ્યો છે.